# Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 6

આશાજી, પાપ અમારા ઉતારો સામી, અમે છીએ ગુન્હેગારજી:
દરસન તમારા જબહી મેં દેખ્યા, તારે છુટા સર્વે જંજાલ.
હરી૦ (૬૩)

આશાજી કલજુગમાંહે પાત્ર નકલંકી આવે, આવે તે ગઢ મુલસ્તાનજી;
પાંચ નદી ગઢ હેઠજ હોશે, ત્યાં તે દઇતને ઘાયસે. હરી૦ (૬૪)

આશાજી રખીસરને ઘેર વધામણા હોયશે, હોયશે જંબુદ્વીપ માંહેજી;
સાબરમતી નદી પુર જ વહેશે, અને વહેશે તે લોહીની ધાર.
હરી૦ (૬૫)

આશાજી, અનેક કટક નદીએ મીલશે, મીલશે તે બહુ અપારજી;
રખી મુનીવર સરવે મીલશે, અને મીલશે તે જંબુદ્વીપમાંહે.
હરી૦ (૬૬)

આશાજી, પાખંડી જીવતો અનંત મીલસે, મીલસે તે દઇતની જોડજી;
કોઇ કેને ઓળખી ન જાણે, કરશે સેવા સાર. હરી૦ (૬૭)

આશાજી વિખંડી વેળા ને કઠણ પોહોરો, તીસમાંહે તમે આયાજી;
જંબુદ્વીપમાંહે પાંચજ ગાડો, તો મહેર કરે મોરો સાંહીયા.
હરી૦ (૬૮)

આશાજી, ધરમ મેલી જો અધરમે ચાલે, ને મનમાંહે નવ ચેતેજી,
વેદ શાસ્ત્ર સાંભળી ન ચાલે, ચાલે તે કુડે કામ. હરી૦ (૬૯)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 6 (continued)

આશાજી, મુનીવર થઇ ધર્મસરા નહીં આવે, અને ગતમાંહે
હાલ ન ગુજારેજી;
હાથ પગ તેના વાઢી નાંખશે, તે ઓહુત કરશે પુકાર. હરી૦ (૭૦)

આશાજી, નવ પરબત નવ કુંકે ઉડાડશે, ત્યાં દઇતજ બેઠાજી;
ચીણુબ નગરીનું ઠામજ જાણો, મેર પરબત તેનું નામ. હરી. (૭૧)

આશાજી, ચીગુણ નગરી ફીટી જાશે, ચોસઠ દઇંતની જોડજી;
કાંલીંગો દાણુવ વાટજ લુંટશે, રખીસરના મન ફેરાવે. હરી૦ (૭૨)

આશાજી દઇંત દાનવ કરીને લુંટશે, એસા વેદ ચલાવેજી;
આપે અલાહ આપ ફીલાવે, તારે રખીસરના મન ફેરાવે. હરી. (૭૩)

આશાજી, સતીઆના સત શ્રી એસ્લામશાહ રાખે, એવો સોહી નરજી,
એણે ઠામે જે નર બેસે, તેને ધીઆવો ગતીઉ લોકાં. હરી૦ (૭૪)

આશાજી, જંબુદીપે શાહ તખત રચાવે, નુર નબી ત્યાં આવેજી;
સેતર દીપ એરાકખંડ માંહે, કરશે નર વધાઇયુંજી. હરી૦ (૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)